RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૪૧ તા.૨૯–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીએ તા. ૦૭–૧૦–૧૧ની અરજી બાબતે સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૦૪ તા.૩૦–૧૧–૧૧ પ્રત્યુત્તર બાબતે તા.૨૯–૧૧–૧૧ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૪૧/૨૦૧૧–૧૨

શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીએ તા. ૦૭–૧૦–૧૧ની અરજી બાબતે સે.ઝોન/આરટીઆઈ/ આ. નં. ૧૬૦૪ તા.૩૦–૧૧–૧૧ પ્રત્યુત્તર બાબતે તા.૨૯–૧૧–૧૧ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ.

અરજદારે તા.૨૯–૧૧–૧૧ ના રોજ કરવામાં આવેલ અપીલ તા.૭–૧૦–૧૧ આઈ ડી નં.૯૮૧ ટેના નં.૩બી–૧૩–૦૬૮૧–૦–૦૦૨ નું મહેશ કેમીકલ એન્ડ કું. નું કોમ્પ્યુટરરાઈઝડ પાર્ટી સ્ટેટસ જવાબની સાથે એસએમસી તરફથી આપવામાં આવેલ નથી.

અરજદાર શ્રી નેહાબેન ચંદ્રકાંત શીંગાપુરી મુળ અરજદાર છે અને અપીલ કર્તા ડો. પંકજ જયંતિલાલ ગાંધી છે આમ અરજદાર અને અપીલકર્તા બંને અલગ અલગ વ્યકિત હોવાનું જણાય છે. પ્રસ્તુત કિસ્સામાં મુળ અરજદાર શ્રી નેહા ચંદ્રકાંત શીંગાપુરી જ છે અને તેમના ધ્વારા અપીલ થયેલ નથી જયારે એપેલેન્ટ ડો. પંકજ જયંતિલાલ ગાંધી ધ્વારા મુળ અરજી કરવામાં આવેલ ન હોય ડો. પંકજ જયંતિલાલ ગાંધીની અપીલ અરજી માટે આરટીઆઈ કાયદાની કલમ–૬(૧), ૭(૧) અને ૧૯(૧) સાથે રાખતાં અપીલનું કારણ ઉત્પન્ન થતું ન હોય અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી. જે અંગે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩૭ તા.૧૪–૧૨–૧૧ થી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી તેવું જણાવવામાં આવેલ છે. ત્યાર બાદ અપીલકર્તા તરફથી કોઈ પ્રતિભાવ મળેલ નથી. આમ અપીલકર્તાની અપીલ ગ્રાહય રાખવામાં આવતી ન હોવાથી અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવા પાત્ર થાય નહીં. આરટીઆઈની જોગવાઈઓ અને નિયમોનુસાર અપીલ અરજી ગ્રાહય રાખવા પાત્ર ઠરે નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતીના અરજી કરનાર અપીલકર્તા અલગ અલગ વ્યકિત હોઈ અપીલકર્તાની અપીલ આરટીઆઈના કાયદાની કલમ–૬(૧),૭(૧) અને ૧૯(૧) સાથે રાખતાં અપીલનું કારણ ઉત્પન્ન થતું ન હોઈ અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી,